# વિષય : સામાજિક વિજ્ઞાન

## ધોરણ : 10

**સમય : 75 મિનિટ** **પ્રશ્નપત્ર - 5** **કુલ ગુણ : 50**

## PART-A

- નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.
- પ્રશ્નોની સાથે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી OMR પદ્ધતિથી જવાબ આપવાના રહેશે.

(1) માનવ સમાજની અદ્વિતીય લાક્ષણિકતા કઈ છે ?
(A) આહાર અને નિંદ્રા **(B) સંસ્કૃતિ અને સભ્યતા** (C) પોશાક અને ભાષા (D) ધર્મ અને કલા

(2) ભારતની કઈ પ્રજામાં માતૃપ્રધાન કુટુંબપ્રથા પ્રચલિત છે ?
(A) ઓસ્ટ્રેલોઈડ **(B) દ્રવિડ** (C) અલ્પાઈન (D) મોંગોલોઈડ

(3) ભારતમાં જડતરના અલંકારો રાજસ્થાનના કયા શહેરમાં બને છે ?
(A) અજમેર (B) જયપુર (C) ઉદેપુર **(D) બિકાનેર**

(4) સંગીત પારિજાત ગ્રંથના કર્તા કોણ હતા ?
**(A) પંડિત અહોબલ** (B) પંડિત સારંગદેવ (C) પંડિત ગોપાલનાયક (D) પંડિત નારદ

(5) ગાંધાર શૈલીના સ્તૂપોને આકાર કેવો છે ?
(A) અંડાકાર **(B) નળાકાર** (C) ઈંડાકાર (D) ત્રિકોણાકાર

(6) ઈલોરાની ગુફાનું કૈલાસ મંદિર કયા રાજવીઓની દેન છે ?
(A) સાતવાહન (B) પાંડ્ય **(C) રાષ્ટ્રકૂટ** (D) પલ્લવ

(7) 'ઢાઈ દિન કા ઝોંપડા' એ શું છે ?
(A) મંદિર (B) મહેલ **(C) મસ્જિદ** (D) દેવળ

(8) સંસ્કૃતના મહાન વ્યાકરણશાસ્ત્રી ........
(A) બાણભટ્ટ **(B) પાણિનિ** (C) ભારવિ (D) અશ્વઘોષ

(9) ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક કયું છે ?
(A) રામાયણ **(B) ઋગ્વેદ** (C) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર (D) મહાભારત

(10) 'રાજતરંગિણી' ગ્રંથના કર્તા .........
(A) સોમદેવ છે **(B) કલ્હણ છે** (C) અશ્વદેવ છે (D) જયદેવ છે

(11) અજંતા-ઈલોરાની ગુફાઓ કયા રાજ્યમાં છે ?
(A) ગુજરાત (B) કર્ણાટક **(C) મહારાષ્ટ્ર** (D) ગોવા

(12) પ્રસિદ્ધ કૈલાસમંદિર કઈ ગુફાઓમાં આવેલું છે ?
(A) બાઘ (B) અમરાવતી (C) અજંત **(D) ઈલોરા**

(13) પટ્ટદકલનું સૌથી મોટું મંદિર કયું છે ?
(A) રાજરાજેશ્વરનું મંદિર **(B) વિરુપાક્ષનું મંદિર**
(C) લાગુઆ મહાદેવ મંદિર (D) દુલાદેવ મંદિર

(14) ઓરિસ્સામાં કયું સૂર્યમંદિર આવેલું છે ?
(A) પટ્ટદકલનું (B) ખજૂરાહોનું **(C) કોણાર્કનું** (D) પંજાવુરનું

(15) જિંજીનો કિલ્લો કયા રાજ્યમાં આવેલો છે ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત **(C) તમિલનાડુ** (D) રાજસ્થાન

(16) 'પ્રિન્સ ઓફ વેલ્સ સંગ્રહાલય' કયા શહેરમાં આવેલું છે ?
**(A) કોલકાતા** (B) દિલ્હી (C) મુંબઈ (D) પુણે

(17) 'રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય' ક્યાં આવેલું છે ?
**(A) ભોપાલ** (B) લખનૌ (C) જયપુર (D) અમૃતસર

(18) સહસ્ત્રલિંગ તળાવ ક્યાં આવેલું છે ?
(A) વડોદરા **(B) પાટણ** (C) વડનગર (D) તારંગા

(19) કયા પ્રકારની જમીન 'રેગુર' નામે ઓળખાય છે ?
**(A) કાળી** (B) પડખાઉ (C) રાતી (D) રણ પ્રકારની

(20) ભારતનો કેટલો વિસ્તાર જંગલોથી છવાયેલો છે ?
(A) 46 % (B) 8 % (C) 14 % **(D) 22 %**

(21) ભારતની કેટલી ભૂમિ કૃષિ પ્રવૃત્તિ માટે ઉપલબ્ધ નથી ?
(A) 8 % (B) 22 % (C) 5 % **(D) 14 %**

(22) કયા દિવસે 'વિશ્વ પર્યાવરણ દિન' ઉજવાય છે ?
(A) 21 માર્ચ (B) 4 ઓક્ટોબર **(C) 5 જૂન** (D) 29 ડિસેમ્બર

(23) ભારતમાં ચિત્તો કઈ કક્ષાનું પ્રાણી છે ?
**(A) લુપ્ત** (B) ભયના આરે (C) વિનાશના આરે (D) વિરલ

(24) ભારતમાં કયું રાજ્ય બાજરીના ઉત્પાદનમાં મોખરે છે ?
(A) ગુજરાત (B) ઉત્તરપ્રદેશ **(C) રાજસ્થાન** (D) મધ્યપ્રદેશ

(25) 'પૃષ્ઠીય જળ' નો મુખ્ય સ્ત્રોત કયો છે ?
**(A) નદીઓ** (B) તળાવો (C) માનવ નિર્મિત જળાશયો (D) સરોવરો

(26) વિશ્વના કુલ લોખંડનો કેટલો જથ્થો ભારતમાં છે ?
**(A) 20 %** (B) 40 % (C) 30 % (D) 50 %

(27) વિશ્વમાં મેગેનીઝનો સૌથી વધુ જથ્થો કયા દેશમાં છે ?
(A) રશિયા (B) ભારત (C) ચીન **(D) ઝિમ્બાબ્વે**

(28) હઝારીબાગ શાની ખાણો માટે જાણીતું છે ?
(A) લોખંડની **(B) અબરખનો** (C) તાંબાની (D) મેંગેનીઝની

(29) કયો કોલસો સૌથી ઊંચી જાતનો છે ?
(A) લિગ્નાઈટ (B) પીટ (C) બિટ્યૂમિન્સ **(D) એન્થ્રેસાઈટ**

(30) કયા દેશમાં કોલસાનો સૌથી વધુ અનામત જથ્થો છે ?
(A) ચીન **(B) યુ.એસ.** (C) ભારત (D) રશિયા

(31) ગુજરાતનું મહત્વનું ખનીજ તેલક્ષેત્ર કયું છે ?
**(A) અંકલેશ્વર** (B) સાણંદ (C) કલોલ (D) લુણેજ

(32) ભારતમાં સર્વપ્રથમ વિન્ડફાર્મ કઈ જગ્યાએ સ્થપાયું ?
(A) કંડલા (B) લાંબા (C) માંડવી **(D) તુતીકોરીન**

(33) ભારતમાં રાસાયણિક ખાતરોનું પહેલું કારખાનું ક્યાં સ્થપાયું ?
**(A) રાનીપેટ** (B) વારાણસીમાં (C) મુંબઈમાં (D) કંડલામાં

(34) ભારતનું કયું શહેર ઈલેક્ટ્રોનિક ઉદ્યોગની રાજધાની છે ?
(A) દિલ્લી (B) મુંબઈ **(C) બેંગ્લોર** (D) હૈદરાબાદ

(35) ભારતમાં વધુ વહાણવટુ કઈ નદીમાં થાય છે ?
(A) બ્રહ્મપુત્ર (B) નર્મદા (C) ગોદાવરી **(D) હુગલી**

(36) વિકસિત દેશનો ખ્યાલ કેવો છે ?
(A) વૈકલ્પિક (B) ન્યૂનતમ (C) નિરપેક્ષ **(D) સાપેક્ષ**

(37) આર્થિક વૃદ્ધિનો ખ્યાલ કેવો છે ?
**(A) મર્યાદિત** (B) વિસ્તૃત (C) સંકુચિત (D) અસંકુચિત

(38) વિકાસશીલ દેશોનું સામાજિક માળખું કેવું છે ?
(A) પ્રગતિશીલ **(B) પછાત અને રૂઢિચુસ્ત** (C) વિકાસ માટે પ્રોત્સાહક (D) દ્વિમુખી

(39) કેનેડામાં કેટલા ટકા લોકો ખેતીમાંથી રોજગારી મેળવે છે ?
(A) 2 % (B) 5 % **(C) 3 %** (D) 8 %

(40) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડુ મથક ક્યાં આવેલું છે ?
(A) પેરિસમાં (B) વિયેનામાં (C) બેલગ્રેડમાં **(D) જિનીવામાં**

(41) ભાવોનાં વલણો જાણવા પ્રથમ ................ વર્ષ પસંદ કરવામાં આવે છે.
(A) પાછલું (B) તીવ્ર ફુગાવાવાળું **(C) પાયાનું** (D) ચાલુ

(42) ધિરાણનીતિનું નિયમન કોણ કરે છે ?
(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (B) ભારત સરકાર
(C) યુનિયન બેંક ઓફ ઈન્ડિયા **(D) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા**

(43) વાજબી અને ખુલ્લા બજારના ભાવોને તફાવત સરકાર ઉઠાવે તેને ........... કહે છે.
(A) નફો **(B) સબસિડી** (C) આર્થિક સહાય (D) વેરારાહત

(44) માનવ વિકાસનો ખ્યાલ ................ દ્વારા સ્વીકારવામાં આવ્યો.
(A) WHO (B) UNICEF (C) UNO **(D) UNDP**

(45) ભારતમાં ઈ.સ. 2001 માં સાક્ષરતાનો દર ................ ટકા હતો.
**(A) 65.38** (B) 81.67 (C) 64.8 (D) 70

(46) ભારતમાં બંધારણ માન્ય મુખ્ય બાષાઓ કેટલી છે ?
(A) 15 **(B) 18** (C) 16 (D) 20

(47) અનુસૂચિ 341 અને 342 માં જાતિની યાદી કોણ નક્કી કરે ?
(A) રાજ્યપાલ (B) વડાપ્રધાન
**(C) રાષ્ટ્રપ્રમુખ** (D) ઉપરાષ્ટ્રપ્રમુખ

(48) કેટલા વર્ષની ઉંમરના બાળકોને બાળમજૂર કહેવાય ?
(A) 18 વર્ષ (B) 17 વર્ષ (C) 21 વર્ષ **(D) 14 વર્ષ**

(49) બાળમજૂરી એ ભારતીય સમાજનું ............... છે.
(A) ભૂષણ (B) પરિણામ **(C) કલંક** (D) પ્રતીક

(50) વૃદ્ધાવસ્થામાં ભવિષ્ય કેવું છે ?
(A) ઉજ્જવળ **(B) અંધકારમય** (C) અસહાય (D) સહાયક

❖ ❖ ❖

| સમય : 2 કલાક | PART-B | કુલ ગુણ : 50 |
|---|---|---|

- આ પ્રશ્નપત્રમાં કુલ ચાર પેટા વિભાગો છે.
- બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
- સૂચના પ્રમાણે આકૃતિનો સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
- જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

## SECTION-A

❒ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક-1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના બે ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (10)

1) પ્રાકૃતિક વારસો એટલે શું ? પ્રાકૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

2) મથુરા શૈલીનો પરિચય આપો.

3) કોણાર્કના સૂર્ય મંદિરની ટૂંકમાં માહિતી લખો. **અથવા**

3) અજંતાની ગુફાઓ વિશે માહિતી લખો.

4) સામાજિક વનીકરણ એટલે શું ?

5) વૈશ્વિકીકરણની કૃષિક્ષેત્રે કઈ કઈ અસરો થઈ છે ?

## SECTION-B

❒ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક-6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના બે ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (10)

6) ઉદ્યોગોની સ્થાપના માટે કયા ભૌગોલિક પરિબળો જવાબદારી છે ? **અથવા**

6) ભારતમાં શણ ઉદ્યોગ કઈ-કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે ?

7) બહુહેતુક યોજનાના ઉદ્દેશો જણાવો.

8) ભારત આતંકવાદનો સામનો કઈ રીતે કરી રહ્યું છે ?

9) ભાવ વૃધ્ધિનાં મુખ્ય બે કારણો જણાવો.

10) સામાજિક વિકાસની રણનીતિઓ કેટલી છે ? કઈ કઈ ?

## SECTION-C

❒ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક-11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના ત્રણ ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (15)

11) પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો.

12) 'ભરત નાટ્યમ' વિશે નોંધ લખો. **અથવા**

12) 'મહા કવિ ભાસ' વિશે નોંધ લખો.

13) ગુપ્તયુગના સંસ્કૃત સાહિત્ય વિશે પરિચય આપો.

14) કપાસના પાક માટેની અનુકૂળતા જણાવો.

15) ઉદારીકરણના લાભાલાભ જણાવો. **અથવા**

15) ભારતીય અર્થતંત્ર પર વૈશ્વિકીકરણની અસરો જણાવો.

## SECTION-D

❒ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક-16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના પાંચ ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો.** (15)

16) પ્રાચીન ભારતીય સાહિત્યનો પરિચય આપો.

17) ભાવવૃદ્ધિ માટે કયા કયાં કારણો જવાબદાર છે. દરેકની ચર્ચા કરો. **અથવા**

17) ગ્રાહક સુરક્ષા મંડળનાં કાર્યો જણાવો.

18) નીચે આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો.

1) શેરડી પકવતો પ્રદેશ  2) હીરાકુંડ યોજના  3) લોખંડ ઉત્પન્ન કરતો પ્રદેશ

4) શણ ઉદ્યોગનું કેન્દ્ર દર્શાવો.  5) દિલ્લીથી કોલકત્તા વચ્ચેનો રેલમાર્ગ દર્શાવો. બે અટક સ્થાન સાથે.

❖ ❖ ❖